॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

**૧૬ જુલાઈ ૨૦૨૩ – મહિલા મંડળ શ્રેણી – ૬ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

---

(૩૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૦)**

૧. સે કિં તં ....... આણાવિજએ ૨. માલા ....... જાવ ૩. ખેતવુટ્ઠી ....... દુપ્પોલિઓ
૪. જાવયાણં ....... મુત્તાણં ૫. દ્વેષ ....... રઈ–અરઈ

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૪)**

૧. મા ણં મસગા ૨. પડિપુન્નં ૩. ભંડોવગરણસ્સ ૪. માયામોસો
૫. ઝાણેણં ૬. પરિયટ્ટણાએ ૭. પાઉસિયાએ ૮. અભિનિવેશિક મિથ્યાત્વ

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો અને ક્યા પાઠમાં આવે છે? (૬)**

૧. મોક્ષમાર્ગને અંગીકાર કરું છું ૨. મસ્તકે આવર્ત્તન કરીને ૩. વમનમાં ઉપજે તે
૪. ભોગવેલી હોય અથવા ૫. આપની ૬. સચેત રજયુક્ત વસ્તુને સ્પર્શવાથી

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ગુપ્તિ એટલે શું? બ્રહ્મચર્યની ગુપ્તિ કેટલી? પહેલી ગુપ્તિ સમજાવો.
૨. સ્વાધ્યાયના ભેદ કેટલા છે? માત્ર નામ લખો. તેમાં અતિક્રમ આદિ દોષ લાગે તો શું તેનું પ્રતિક્રમણ થઈ જાય છે?
૩. સંથારાના કેટલા પ્રકાર છે? તેમાંથી ઈંગિત મરણનું સ્વરૂપ સમજાવો.
૪. નમોત્થુણંમાં તીર્થંકરને કેટલી અને કઈ કઈ ઉપમાઓ આપવામાં આવી છે? મૂળ પાઠ લખો.
૫. પરમ સુખ કેવું છે? તેને પામવા શું કરવું જોઈએ? જીવ સુખ અને દુઃખ શા થકી અનુભવે છે?

(૫૦)

**પ્ર.૨ (અ) આગારધર્મના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૭)**

૧. ભગવાને કેવી રીતે શ્રાવકોના ગુણગ્રામ કરેલા છે? (૨)
૨. એક કરોડ પૂર્વ વર્ષ એટલે કેટલા? (૧×૫)
૩. શ્રાવકના પાંચ અણુવ્રત ક્યા? ક્યા સૂત્રમાં એનો અધિકાર છે?
૪. શ્રાવક ક્રિયા કરી કર્મ કાપે એટલે શું કરે?
૫. ભગવાને ભગવતી સૂત્રમાં શંખ શ્રાવક માટે શું કહ્યું છે?
૬. પાંચ ભરતમાં શ્રાવકો ક્યા કાળમાં હોય?

**(આ) નવતત્ત્વના આધારે જવાબ લખો. (૩૫)**

**(૧) વ્યાખ્યા લખો.** સકામ નિર્જરા, યથાખ્યાત ચારિત્ર, અણવકંખવત્તિયા, વાણવ્યંતર, અનુભાગ બંધ (૫)

**(૨) નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો. (૨૩)**

૧. સંવર તત્ત્વના વિશેષ ભેદ કેટલા છે? તે ટૂંકમાં લખીને દશ યતિધર્મના માત્ર નામ લખો. (૪×૫)
૨. વ્યવાહરિક જીવનમાં મોક્ષ તત્ત્વને જાણીને શું કરશો?

૩. અરૂપી અજીવના ભેદ કેટલા? તેમાંથી આકાશસ્તિકાય અને કાળના કેટલા અને કયા કયા ભેદ?
૪. જીવના નવમા અને અગિયારમા ભેદના નામ લખો. ધાતકી ખંડમાં મનુષ્યના કેટલા અને કયા ભેદ લાભે?
૫. અંતરાય કર્મ ઘાતી છે કે અઘાતી? તેની કેટલી અને કઈ પ્રકૃતિ પાપમાં છે? દેવના ૧૯૮ ભેદ કેવી રીતે થાય? તે ટૂંકમાં સમજાવો.
૬. શિખરી પર્વત ક્યાં આવેલો છે? ત્યાં કેટલા અંતરદ્વીપ છે? કેવી રીતે? (૩)

**(૩) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (૭)**

૧. બાહ્ય તપ કેટલા છે? પહેલા ત્રણના નામ લખો.
૨. લૂખા સ્પર્શમાં કેટલા ભેદ લાભે? કેવી રીતે?
૩. પુણ્ય તત્ત્વમાં કેટલા કર્મની કેટલી પ્રકૃતિ હોય?
૪. પાંચ આસ્રવના નામ લખો.
૫. જાતિસ્મરણ જ્ઞાન પામી મોક્ષે કોણ જાય? મોક્ષમાં જવા ગતિ, સમકિત અને વીર્ય કયા જોઈએ?
૬. સંવર તત્ત્વ હેય છે કે ઉપાદેય? બંધ તત્ત્વ રૂપી કે અરૂપી? તેમાં ભેદ કેટલા?
૭. મઘામાં આંતરા, પાથડા, નરકાવાસ અને પોલાણ કેટલી?

**(ઈ) ૩૨ આગમના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. આગમ સૂત્રો કેટલા પૂર્વીના રચેલા હોય છે?
૨. સમવાયાંગ સૂત્રમાં શેનું વર્ણન છે?
૩. ઉત્કાલિક સૂત્રની વ્યાખ્યા લખો. તેની સંખ્યા કેટલી છે?
૪. રથમુસલકંટક સંગ્રામનું વર્ણન શેમાં છે? તે કાલિક છે કે ઉત્કાલિક?
૫. બૃહત્કલ્પ સૂત્રમાં કોનું વર્ણન છે? તે અંગ છે કે ઉપાંગ?
૬. ભગવાન મહાવીરની અંતિમ દેશના કયા સૂત્રમાં છે? તેમાં ધર્મકથાઓ સિવાય શેનું વર્ણન છે?
૭. કયા સૂત્રમાં ૩૩ જીવોનું વર્ણન છે? તેના રચયિતા કોણ છે?
૮. દ્વાદશાંગી કોને કહેવાય છે? તેમાં કેટલા સૂત્રોનું સંકલન હોય છે?

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (ત્રણથી ચાર લીટીમાં)**

૧. ઈન્દ્રનો વૈભવ કેવો હતો? તેનું વર્ણન કરો.
૨. ઈક્કાઈ રાઠોડ ક્યાં રહેતો હતો? તેની પાસે કેટલા ગામ હતા? તે કેવું જીવન જીવવાવાળો હતો?
૩. મેઘકુમાર કયા પર્વત પર સંથારો કરવા ગયા? તેઓ કાળ કરી ક્યાં ઉત્પન્ન થયા? તેમનું ભવિષ્ય શું છે?
૪. મેઘકુમારને કયું જ્ઞાન ઉત્પન્ન થયું? તેમણે ભગવાનને શું કહ્યું?
૫. કોણ બોલે છે અને કોને કહે છે? ૧. નગરને ખૂબ સજાવો.
૨. હું તમારા પુત્રને જોવા આવ્યો છું.

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. સોહં ........ પરિપાલનાર્થમ્. ૨. કોઇ ઉત્તમ ......... જ્ઞાન. ૩. કાકંદિનો ......... અણગાર.
૪. ભક્તામર ........ જનાનામ્. ૫. સંભૂતિવજય ......... શ્રેણ.

**જય જિનેન્દ્ર**

**❋ Please conatact DSB helpline no. for online shreni study classes. 9702277914**
**❋ Please join our Telegram group. Contact DSB helpline no. 9702277914**